## FORM A

કાલવડના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,
મુકામ–કાલાવડ

સમક્ષ : અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, કાલાવડ

ફોજદારી કેસ નંબર– ૧૯૨૪/૨૦૨૫
આંક –

કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન એફ.આઈ.આર.
નં.૧૧૨૦૨૦૫૬૨૫૦૯૩૫/૨૦૨૫

| | |
|---|---|
| **ફરિયાદી** | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| **ફરિયાદ પક્ષ તરફે** | વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયા |
| **આરોપી/ઓ** | **મીલનભાઈ ભરતભાઈ ગોંડલીયા**<br>ઉ.વ.૨૦ , ધંધો– મજુરી<br>રહે. મોટા વડાળા, તા. કાલાવડ જી.જામનગર |
| **આરોપી પક્ષ તરફે** | વિ.વ.શ્રી એચ.આર.જાડેજા |

## FORM B

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ૦૪/૧૧/૨૦૨૫ |
| **એફ.આઈ.આર. નોંધાયા તારીખ** | ૦૫/૧૧/૨૦૨૫ |
| **ચાર્જશીટ દાખલ થયા તારીખ** | ૧૫/૧૨/૨૦૨૫ |
| **તહોમતનામું ધડયા તારીખ / પ્લી રેકર્ડ કર્યા તારીખ** | ૧૭/૦૧/૨૦૨૬ |
| **ચુકાદા માટે મુકરર થયા તારીખ** | ૧૮/૦૬/૨૦૨૬ |

| | |
|---|---|
| **ચુકાદો જાહેર થયા તારીખ** | ૧૮/૦૬/૨૦૨૬ |
| **જો કોઈ સજા ફરમાવી હોય તો તેની તારીખ** | – |

**આરોપી/ઓની વિગત**

| **અનુક્રમ નંબર** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન મુક્ત થયા તારીખ** | **ગુનાનું તહોમત** | **નિર્દોષ/ દોષિત** | **સજા ફરમાવી હોય તો તેની વિગત** | **ક્રિ.પ્રો. કો.ક.૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન ભોગવેલ સજાનો સમયગાળો** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | **મીલનભાઇ ભરતભાઇ ગોંડલીયા** | ૦૬/૧૦ /૨૦૨૫ | ૦૮/૦૮ /૨૦૨૪ | બી.એન. એસ – ૩૦૫(ડી), ૩૩૧(૪) મુજબ | નિર્દોષ છોડયા | – | – |

## –// ચુ કા દો //–

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૦૪/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના સાડા છ વાગ્યા થી તા. ૦૫/૧૧/૨૦૨૫ ના રોજ સવારના છ વાગ્યા ની વચ્ચે વિભાણીયા ગામે આવેલ શ્રી નાગબાઈ માતાજીના મંદીર વિભાણીયા ગામ ખાતે આવેલ નાગબાઈ માતાજીમા નીજ મંદીરમા પ્રવેશ કરી મંદીરમા રહેલ દાનપેટીનુ તાડુ મંદિરમા રહેલ ત્રીસુલ વડે તોડી દાનપેટીમા રહેલ આશરે ૩૦,૦૦૦/– ની રોકડ રકમની ચોરી કરી

ગુન્હો કરેલ હોય આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૦૫(ડી), ૩૩૧(૪) મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) ફરિયાદીએ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન એફ.આઈ.આર. નં.૧૧૨૦૨૦૫૬૨૫૦૯૩૫/૨૦૨૫ થી ફરિયાદ નોંધાવેલી. જે કામે તપાસ અધિકારીએ પુરતી તપાસ કરી લાગતા વળગતા સાહેદોનાં વિગતવાર નિવેદનો નોંધી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપીને પ્રોસેસની ધોરણસર બજવણી થતાં આરોપી હાજર થયેલા હોઈ, આંક–૦૬ થી તહોમતદનામુ ફરમાવી, આંક– ૦૭ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે. જેમાં આરોપીને બી.એન.એસ.એસ ની કલમ–૨૧૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે મળેલ હોવાની ખાતરી કરવામાં આવેલી, આરોપીએ પોતાની સામેના આક્ષેપ મુજબના ગુનાનો ઈન્કાર કરેલ હોઈ, કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલ.

(૩) આ કામે પ્રોસીક્યુશન તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

## FORM–C

ફરિયાદ પક્ષ / આરોપી પક્ષ / કોર્ટ દ્વારા નોંધાયેલ સાહેદોના પુરાવાની

### વિગતો

A. ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | નવધણભાઇ કરમણભાઇ ગોલતર | ફરીયાદી | ૦૯ |
| ૦૨ | હમીરભાઇ શીવાભાઇ ગોલતર | સાહેદ | ૧૧ |

B.આરોપી પક્ષ તરફે મૌખિક પુરાવો, જો કોઈ હોય તો

| અનુક્ર | નામ | પુરાવાનો | આંક |
|---|---|---|---|

| મ | | પ્રકાર | |
|---|---|---|---|
| ૦૧ | – – – | – – – | – – – |

C.કોર્ટ દ્વારા નોંધાયેલ પુરાવો, જો કોઈ હોય તો

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | – – – | – – – | – – – |

ફરિયાદ પક્ષ / આરોપી પક્ષ / કોર્ટ દ્વારા નોંધાયેલ દસ્તાવેજી પુરાવાની

**વિગતો**

A. ફરિયાદ પક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૦ | ફરિયાદ |
| ૦૨ | ૧૨ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૦૩ | ૧૩ | અટક પંચનામુ |
| ૦૪ | ૧૪ | ડીસ્કવરી પંચનામુ |
| ૦૫ | ૧૬ | કલોઝીંગ પુરશીશ |

B. બચાવ પક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | – – – | – – – |

C. અદાલત દ્વારા નોંધાયેલ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | – – – | – – – |

D. મહત્વનો પુરાવો (મટીરીયલ ઓબ્જેક્ટ)

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | — — — | — — — |

(૪) પ્રસ્તુત કામે ઉપરોક્ત પુરાવો રજૂ થયા બાદ ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવા સબબ આરોપીનું બી.એન.એસ.એસ ની કલમ−૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના તેમના વિરૂદ્ધ આવેલા પુરાવાની હકીકતો નકારી કાઢી છે. આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે. આરોપીએ વિશેષમાં જણાવ્યું છે કે, અમો આરોપી નિર્દોષ છે. ખોટી ફરીયાદ કરેલ છે.

(૫) પ્રસ્તુત કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે તથા આરોપીના વિ.વ.શ્રીની પણ મૌખિક દલીલો વિગતવાર સાંભળવામાં આવેલ છે. ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સારૂ સદરહું દલીલોનો અલાયદો ઉલ્લેખ નહીં કરતાં, અહીં આપવામાં આવેલ કારણોમાં દલીલોનો વિગતવાર સમાવેશ કરવામાં આવેલ છે અને નિર્ણય ઉપર આવતી વખતે સમગ્રપણે ધ્યાને રાખવામાં આવેલ છે.

(૬) પ્રસ્તુત કામે ન્યાય નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,તા. ૦૪/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના સાડા છ વાગ્યા થી તા. ૦૫/૧૧/૨૦૨૫ ના રોજ સવારના છ વાગ્યા ની વચ્ચે વિભાણીયા ગામે આવેલ શ્રી નાગબાઈ માતાજીના મંદીર વિભાણીયા ગામ ખાતે આવેલ નાગબાઈ માતાજીમા નીજ મંદીરમા પ્રવેશ કરી મંદીરમા રહેલ દાનપેટીનુ તાડુ મંદિરમા રહેલ ત્રીસુલ વડે તોડી દાનપેટીમા રહેલ આશરે ૩૦,૦૦૦/− ની રોકડ રકમની ચોરી કરી ગુન્હો કરેલ હોય આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય

સંહીતાની કલમ– ૩૦૫(ડી), ૩૩૧(૪) નો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચેનાં કારણોસર નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

## –// કા ર ણો //–

**મુદ્દા નંબર–૧ અને ૨**

(૮) જો ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરી આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે એવી રીતે પુરવાર કરે કે જેનાથી ફરીયાદ પક્ષના પુરાવામાં શંકા ઉદ્‌ભવતી ના હોય અને એક અતૂટ સાંકળ જેમ દરેક કડીઓ એકબીજાને સાંકળે તેવો સળંગ અને મજબૂત પુરાવો રજુ થાય, તો જ આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર થયેલ માની શકાય. પરંતુ, જો ફરિયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ જણાય તો તેનો સીધો લાભ આરોપીને મળવો જોઈએ. તેથી ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું ઊંડાણપૂર્વક ગુણદોષ ઉપર મૂલ્યાંકન કરવુ જરૂરી થઈ પડે છે.

(૯) ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષે **આંક–૦૯** થી **ફરિયાદી નવઘણભાઈ કરમણભાઈ ગોલતર** ને તપાસવામાં આવેલા છે. સદર ફરીયાદી સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે દોઢે થી બે વર્ષ પહેલાં બનેલો. બનાવના દિવસે સવારે છ એક વાગ્યે તેઓ તેમના ઘરે હતો ત્યારે કાંતીભાઈ રણ છોડભાઈ મારા ગામમાં આવેલ નાગબાઈ માતાજીના મંદિરની ચાવી લઈ ગયેલા અને થોડીક વાર પછી પાછા આવી અમોને જણાવેલ કે, મંદિરમાંથી દાન પેટી તોડી કોઈ અજાણ્યો શખ્સ દાન પેટીમાં રહેલ દાનની રકમ રૂપીયા ત્રીસ હજારની ચોરી કરી ગયા હોવાનુ જણાવતા ઉપરોકત બનાવ અંગે તેઓને ધોરણસરની ફરીયાદ આપેલી. પરંતુ ત્યાર બાદ તેઓએ તપાસ કરતા માલુમ પડેલ કે, કુલ રૂપીયા સીતેર હજારથી વધુ

રકમની ચોરી થયેલ છે. મને આ કામે મે કરેલ ફરીયાદ બતાવતા કહે છે કે, આ ફરીયાદ તરીકે જેમા તેઓ તેમની સહી કરેલી છે. જે ફરીયાદ આંક– ૨૦ થી રજુ છે.

આ સાહેદની આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે જેમા સાહેદ સ્વીકાર્યું છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ ન હોય જેથી ચોકકસ રીતે કોણે ચોરી કરેલ તે તેઓ કહી શકુ નહી.

(૧૦) ફરિયાદપક્ષે **આંક–૧૧** થી સાહેદ **હમીરભાઇ શીવાભાઇ ગોલતર** ને તપાસવામાં આવેલા છે. બનાવ આજથી આશરે દોઢે થી બે વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે તેઓ તેમના ઘરે હતો ત્યારે તેમને નવઘણભાઈ ગોલતરનો ફોન આવેલો નાગબાઈ માતાજીના મંદિરની ચાવી લઈ ગયેલા અને થોડીક વાર પછી પાછા આવી અમોને જણાવેલ કે, મંદિરમાંથી દાન પેટી તોડી કોઈ અજાણ્યો શખ્સ દાન પેટીમાં રહેલ દાનની રકમ રૂપીયા ત્રીસ હજારની ચોરી કરી ગયા હોવાનું જણાવતા ઉપરોકત બનાવ અંગે નવઘણભાઈએ ધોરણસરની ફરીયાદ આપેલી પરંતુ ત્યાર બાદ તેઓને તપાસ કરતા માલુમ પડેલ કે, કુલ રૂપીયા સીતેર હજારથી વધુ રકમની ચોરી થયેલ છે.

આ સાહેદની આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે જેમા સાહેદ સ્વીકાર્યું છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ ન હોય જેથી ચોકકસ રીતે કોણે ચોરી કરેલ તે તેઓ કહી શકુ નહી.

(૧૦) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપી ઉપર બેસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય. તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબીત થયેલ ગણાય.

હાલના કામ આ કામના આરોપી વિરૂધ્ધ બી.એન.એસ –૩૦૫(ડી), ૩૩૧(૪) મુજબ ગુનાનો આક્ષેપ હોય. સદરહું કલમ અન્વયે આવશ્યક તત્વ મુજબના ગુનો સાબીત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ પરાવા રજ કરવાની જવાબદારી કરિયાદ પક્ષની છે. તે જોતા આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ હોવાનું સાબિત થતુ નથી. તે સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ બનાવ નજરે જોનાર સાક્ષીઓને સોંગદ પર તપાસેલ નથી.

(૧૧) આમ, આ કામે ઉપરોક્ત રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો જોવામાં આવે અને તેનું બારીકાઈથી મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા ફરિયાદ પક્ષના સૌથી મહત્વના કહી શકાય તેવા મૂળ ફરિયાદીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. બનાવ ક્યારે બન્યો તેની તેઓને ચોકકસ સમય ખબર નથી. તેઓને આ ચોરી કોણે કરેલી તેની ખબર ન હોય તેવી કોઈના પર શંકા પણ નથી. આમ, ફરિયાદીએ જ બનાવ નજરે જોયેલ ન હોય તથા કોઈ પર શંકા ન હોય ત્યારે ફરિયાદ સમર્થનકારી પુરાવો જણાતો નથી. આથી, આ કામે આંક–૧૫ થી નો કલેઈમ પુરસીસ તથા આંક–૧૬ થી કલોઝિંગ પુરશીસ રજુ કરેલ છે. આથી, પંચ સાહેદ, અન્ય સાહેદો તપાસેલા નથી. ફરિયાદ પક્ષ તરફથી રજૂ થયેલ આંક– ૧૨,૧૩,૧૪ થી પંચનામાના પુરાવાઓથી આરોપીને આ ગુનાના કામે સાંકળી શકાય નહીં. વધુમાં આ કામે ત.ક.અ.શ્રી ને આ કામે તપાસેલ નથી. ફરિયાદીની ફરિયાદ ધ્યાને લઈએ તો ફરીયાદી અને સાહેદ બન્ને હીયર્સે વીટનેટ તરીકેની ભુમિકામાં હોય બનાવ નજરે જોયેલ ન હોય જેથી આ કામની ફરીયાદ મુજબ જણાવેલ રોકડ રકમ ચોરી થયેલ હોવાનુ પુરવાર થાય છે પરંતુ આ કામના આરોપીએ ચોરી કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ પુરાવો રજુ કરતા નથી તેવુ પણ માનવા કારણ રહે છે. આમ, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધના આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવામાં આવે છે.

(૧૨) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધના આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ

ગયેલ હોય તેમજ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓથી આરોપીને આક્ષેપિત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય ઉપસ્થિત મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં.ર નો ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

(૧) ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) ની જોગવાઈ મુજબ આરોપીને તેઓની સામેના બી.એન.એસ–૩૦૫(ડી), ૩૩૧(૪) મુજબના ગુના સબબ શંકાના આધારે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામ કબજે કરવામાં આવેલ મુદામાલ નો અપીલ સમય વિત્યે નાશ કરવો.

(૩) આરોપી ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૮૧ ની જોગવાઈ મુજબ સદર ચુકાદા વિરૂધ્ધ અપીલ થાય તો તે સંદર્ભે ના છ માસ માટે ના સમયગાળા માટેના જામીન રજુ કરવા.

હુકમ આજ તા. ૧૮મી માહે– જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ –૧૮/૦૬/૨૦૨૬
સ્થળ –કાલાવડ

(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)
જજ કોડ – જીજે૦૧૬૦૬
જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ, કાલાવડ